RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 95 * Date: 28.1.2026,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ વિવાદમાં ઉમા ભારતીની એન્ટ્રી, મમતા કુલકર્ણીની પણ મુશ્કેલી વધી



પ્રયાગરાજના માઘ મેળામાં સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીના સ્નાન અને શંકરાચાર્ય પદને લઈને શરૂ થયેલો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. આ વિવાદમાં મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતીની એન્ટ્રી થઈ છે, જેમણે વહીવટીતંત્ર દ્વારા પુરાવા માંગવા સામે સખત વાંધો ઉઠાવ્યો છે. બીજી તરફ, અવિમુક્તેશ્વરાનંદ વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરનાર મમતા કુલકર્ણી ઉર્ફે યામાઈ મમતા નંદ ગિરી સામે કિન્નર અખાડાએ લાલ આંખ કરીને તેમને પદ પરથી હાંકી કાઢ્યા છે.મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતીએ સોશિયલ મીડિયા પર પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, 'મને વિશ્વાસ છે કે સ્વામી અવિમુક્તેશ્વરાનંદજી મહારાજ અને ઉત્તર પ્રદેશ સરકાર વચ્ચે કોઈ સકારાત્મક સમાધાન નીકળી આવશે. પરંતુ વહીવટી અધિકારીઓ દ્વારા શંકરાચાર્ય હોવાના પુરાવા માંગવા એ વહીવટીતંત્રની પોતાની મર્યાદાઓ અને અધિકારોનું ઉલ્લંઘન છે. આ અધિકાર માત્ર શંકરાચાર્યો અને વિદ્વાન પરિષદનો છે.'

તેમણે અન્ય પોસ્ટમાં લખ્યું કે, 'યોગી વિરોધીઓ ખુશ ન થાય, મારું કથન યોગીજીની વિરુદ્ધ નથી, હું તેમના પ્રત્યે સન્માન, સ્નેહ અને શુભકામનાની ભાવના રાખું છું. પરંતુ હું એ વાત પર કાયમ છું કે પ્રશાસન કાયદો અને વ્યવસ્થા પર કડકાઈથી નિયંત્રણ રાખે, પરંતુ કોઈના શંકરાચાર્ય હોવાના પુરાવા માંગવા એ મર્યાદાનું ઉલ્લંઘન છે, આ માત્ર શંકરાચાર્ય અથવા વિદ્વાન પરિષદ જ કરી શકે છે.'

સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વિરુદ્ધ મોરચો ખોલતા મમતા કુલકર્ણીએ બે દિવસ પહેલા નિવેદન આપ્યું હતું કે, 'કાયદો દરેક માટે સમાન છે પછી તે રાજા હોય કે રંક, ગુરુ હોય કે શિષ્ય. માત્ર ચાર વેદ કંઠસ્થ કરી લેવાથી કોઈ શંકરાચાર્ય બની જતું નથી. તેમનામાં ઘણો અહંકાર છે અને આત્મજ્ઞાન શૂન્ય છે.' આ નિવેદન બાદ સંત સમાજ અને અખાડા પરિષદમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

## સયાજીગંજ નવી નગરીમાં પાણીનો કકળાટ: માટલા ફોડી વિરોધ: પાણી નહીં તો વોટ નહીં



વડોદરા શહેરના વિવિધ વિસ્તારમાં પીવાનું અપાતું પાણી કોઈ કારણોસર ડહોળું, ગંદુ મળી રહ્યું છે ત્યારે શહેરના સયાજીગંજ વિસ્તારના પરશુરામ ભઠ્ઠા પાસેની નવી નગરીમાં પાણીનો કકળાટ સર્જાયો છે. પીવાનું શુદ્ધ પાણી નહીં મળતા મોટી સંખ્યામાં એકત્ર સ્થાનિક રીતે તંત્ર વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરી માટલા ફોડીને પાણી નહી તો વોટ નહિથી વાતાવરણ ગજાવ્યું હતું.ઉલ્લેખનીય છે કે તંત્ર દ્વારા શહેરમાં નિયમિત રીતે પાણી આપવામાં આવે છે પરંતુ તમામ વિસ્તારોમાં અપૂરતું ચોખ્ખું અને પૂરતા પ્રમાણમાં પાણી નહી મળતું હોવાની શહેરમાં ઠેક ઠેકાણેથી ફરિયાદો થઈ રહી હતી.

દરમિયાન શહેરના સયાજીગંજ વિસ્તારના પરશુરામ ભઠ્ઠા નજીકની નવી નગરીમાં પણ પાણીનો કકળાટ સર્જાયો છે. હર ઘર નળની યોજના છતાં નળમાં પાણી આવતું નથી. જયારે પણ પાણી આવે છે ત્યારે ગંધાતું અને ડહોળું અને પીવા લાયક પણ હોતું નથી. છેલ્લા કેટલાય વખતથી પીવાના પાણીના આવા ત્રાસથી સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. પરિણામે રોષે ભરાયેલા એકત્ર થયેલા સ્થાનિક રહીશોએ પાલિકા તંત્ર વિરુદ્ધ અને પાણી નહી તો વોટ નહીનો ભારે સૂત્રોચ્ચાર કરીને માટલા ફોડી વિરોધ કર્યો હતો.

## મકરપુરા જીઆઇડીસીમાં મજૂરી માટે ગયેલા શ્રમજીવી પર ક્રેનના પૈંડા ફરી વળતા સ્થળ પર જ મોત



ડભોઈ રોડ સોમા તળાવ પાસે ગુરુકુળ નજીક રહેતો ૩૨ વર્ષનો વિનુ જગજીભાઈ ભાભોર આજે સવારે મકરપુરા જીઆઈડીસીમાં મજૂરી માટે નીકળ્યો હતો. મકરપુરા જીઆઈડીસી રોડ હર્ષ પેકેજિંગ કંપની પાસેથી તે ચાલતો જતો હતો તે દરમિયાન પાછળથી આવતી ક્રેનના ચાલકે તેને ટક્કર મારી હતી. ક્રેનના આગળના પૈંડા તેના પર ફરી વળતા તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. બનાવના પગલે લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા અને ક્રેન ચાલકની ઝડપી પાડ્યો હતો. બનાવની જાણ થતા માંજલપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને ડેડ બોડીને પીએમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપી છે. પોલીસે ટ્રેન ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## પંચમહાલ: શહેરામાં હાલોલ-શામળાજી હાઈવે પરથી ૨૦૦થી વધુ દબાણો દૂર કરાયા



પંચમહાલ જિલ્લાના શહેરા શહેરમાંથી પસાર થતા હાલોલ-શામળાજી સ્ટેટ હાઈવે પર આજે (૨૭મી જાન્યુઆરી) તંત્ર દ્વારા મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. હાઈવેની બંને તરફ ખડકાયેલા કાચા-પાકા દબાણોને કારણે સર્જાતી ટ્રાફિકની સમસ્યાને દૂર કરવા માટે જી.એસ.આર.ડી.સી. (ૠજીઇઢઞ) અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા સંયુક્ત કાર્યવાહી કરી રસ્તાઓને ખુલ્લા કરવામાં આવ્યા હતા.

ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ડિમોલિશન

મળતી માહિતી અનુસાર, મંગળવારે વહેલી સવારથી જ શહેરાના બસ સ્ટેશન વિસ્તારથી લઈને અણીયાદ ચોકડી સુધીના મુખ્ય માર્ગ પર જેસીબી મશીનોની મદદથી ડિમોલિશન શરૂ કરાયું હતું. હાઈવે પર નડતરરૂપ પતરાના શેડ, દુકાનોના ઓટલા અને અન્ય ગેરકાયદે બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા. કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સ્થળ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત તહેનાત કરવામાં આવ્યો હતો.સંયુક્ત ટીમ દ્વારા ઓપરેશનઆ ડિમોલિશન કામગીરીમાં તંત્રના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા, જેમાં જી.એસ.આર.ડી.સી.ના નાયબ કાર્યપાલક ઈજનેર, શહેરા પ્રાંત અધિકારી,નગરપાલિકા ચીફ ઓફિસર અને ટોલ વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.૨૦૦થી વધુ દબાણકારોને અપાઈ હતી નોટિસતંત્ર દ્વારા આ કાર્યવાહી કરતા પહેલા જોગવાઈ મુજબ હાઈવેની મધ્યમાંથી રેખા નિયંત્રણ (ઈંઢઢ્ઢ સ્ઠક્ષ્નૈહ)ના નિશાન કરી માપણી કરવામાં આવી હતી. આ અગાઉ ૠજીઇઢઞ દ્વારા ૨૦૦થી વધુ દબાણકારોને સ્વેચ્છાએ દબાણો દૂર કરવા માટે કાયદેસરની નોટિસ ફટકારવામાં આવી હતી. મુદત પૂર્ણ થતા જ આજે તંત્રએ લાલ આંખ કરી દબાણો હટાવવાનું શરૂ કર્યું હતું.ટ્રાફિકની સમસ્યામાંથી મળશે મુક્તિહાલોલશામળાજી હાઈવે પર સતત વાહનોની અવરજવર રહેતી હોય છે.

## વડોદરામાં ભારતના પૂર્વ ક્રિકેટરે નશામાં ટલ્લી થઈ 3 વાહનો અડફેટે લીધા, પોલીસે કરી અટકાયત



વડોદરાના પોશ ગણાતા જૂના પાદરા રોડ વિસ્તારમાં ગત મોડી રાત્રે 'ડ્રિંક એન્ડ ડ્રાઈવ'ની ઘટના સામે આવી હતી. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી જેકોબ માર્ટિને દારૂના નશામાં ચૂર થઈ પોતાની કાર પાર્ક કરેલા ત્રણ વાહનો સાથે ધડાકાભેર અથડાવી હતી. અકોટા પોલીસે આ મામલે ગુનો નોંધી પૂર્વ ક્રિકેટરની અટકાયત કરી છે.

કેવી રીતે અકસ્માત સર્જાયો?

મળતી માહિતી અનુસાર, ૨૬મી જાન્યુઆરીની મોડી રાત્રે ઓપી રોડ પર મલ્હાર પોઈન્ટ નજીક આવેલી પુનિત નગર સોસાયટી પાસે આ અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવી રહેલી એક કારે સોસાયટી પાસે પાર્ક કરેલી અન્ય ત્રણ કારને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતનો અવાજ એટલો ભયાનક હતો કે આસપાસના રહીશો તાત્કાલિક ઘરોની બહાર દોડી આવ્યા હતા.

નશામાં ચકચૂર હાલતમાં પકડાયા પૂર્વ ક્રિકેટર

આ બનાવની જાણ થતા જ અકોટા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. તપાસ દરમિયાન સામે આવ્યું કે, અકસ્માત સર્જનાર વ્યક્તિ ભારતીય ટીમના પૂર્વ ઈન્ટરનેશનલ ક્રિકેટર જેકોબ જોશેફ માર્ટિન છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જેકોબ માર્ટિન દારૂના નશામાં હોવાનું સ્પષ્ટ જણાતા ડ્રિંક એન્ડ ડ્રાઈવ બદલ કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તંત્રી લેખ......

## ગોલ્ડ ઈઝ કિંગ! ભારતની ઈકોનોમીથી ૮ ગણી થઈ સોનાની માર્કેટકેપ, ચીન-અમેરિકા પણ પાછળ

સોના અને ચાંદીની કિંમતમાં રોજબરોજ વધારો થઈ રહ્યો છે, ત્યારે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં બંનેના ભાવમાં ઉછાળો થયો છે. સોનાની કિંમત પ્રતિ ઔંશ (ભારત મુજબ ૩૧.૧૦ ગ્રામ સોનું) ૫૧૦૦ ડૉલર પર પહોંચી ગઈ છે, જ્યારે ચાંદીની કિંમત પ્રતિ ઔંશ ૧૦૮ ડૉલરને પાર પહોંચી ગઈ છે. આ ભાવવધારા વચ્ચે સૌથી મહત્ત્વની વાત એ છે કે, ગોલ્ડનું માર્કેટ કેપ ૩૫ ટ્રિલિયન ડૉલર અને ચાંદીનું માર્કેટ કેપ ૬ ટ્રિલિયન ડૉલરને પાર પહોંચી ગયું છેગોલ્ડ અને સિલ્વરનું માર્કેટ કેપ હવે વિશ્વની સૌથી મૂલ્યવાન કંપની એનવીડિયોથી લગભગ ૯ ગણું વધુ થઈ ગયું છે. છૈં ચિપ બનાવતી એનવીડિયાનું માર્કેટ કેપ ૪.૫૬૯ ટ્રિલિયન ડૉલર છે. સોના અને ચાંદીના ભાવમાં ૨૦૨૫માં તેજી જોવા મળ્યા બાદ હવે ૨૦૨૬માં પણ તેના ભાવમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે.

ગોલ્ડનું માર્કેટ કેપ ભારતની ય્ઢૅથી લગભગ ૮ ગણું વધારે છે. ફોર્બ્સના રિપોર્ટ મુજબ, ભારતની ય્ઢૅ ૪.૧૩ ટ્રિલિયન છે. જ્યારે સિલ્વરનું માર્કેટ કેપ પણ ભારતની જીડીપીથી વધુ છે. ગોલ્ડ વિશ્વની સૌથી મૂલ્વયાન સંપત્તિ છે. તેનું માર્કેટ કેપ વિશ્વની સૌથી મોટી ઈકોનોમી અમેરિકા (૩૦.૬૨ ટ્રિલિયન ડૉલર)ની જીડીપીથી વધુ અને ચીન (૧૯.૪)ની જીડીપીથી લગભગ બમણુ છે. વિશ્વની સૌથી મૂલ્વયાન એસેટ્સની યાદીમાં પ્રથમ ક્રમે ગોલ્ડ, બીજા ક્રમે સિલ્વર, ત્રીજા ક્રમે એનવીડિયા બાદ ચોથા ક્રમે ગૂગલની પેરેન્ટ્સ કંપની અલ્ફાબેટ (૩.૯૬૪ ટ્રિલિયન ડૉલર) અને પાંચમા ક્રમે એપલ (૩.૬૬૫ ટ્રિલિયન ડૉલર)નો સમાવેશ થાય છે. આમ સોનાએ અમેરિકાની જીડીપીનો રેકોર્ડ તોડ્યો છે.

# સમગ્ર ગુજરાતમાં પ્રથમવાર વીર મેઘમાયા બલિદાન દિવસ ઉજવણીના કાર્યક્રમો યોજાયા : ડો. કિરીટભાઈ સોલંકી



અમદાવાદ પશ્ચિમ લોકસભાના લોકપ્રિય પૂર્વ સાંસદ, પૂર્વ પેનલ સ્પીકર લોકસભા, અનુસુચિત જાતિ જનજાતિ સંસદીય સમિતિના પૂર્વ ચેરમેન, વીર મેઘમાયા વિશ્વ મેમોરિયલ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ સેન્ટર પાટણના ચેરમેનશ્રી ડૉ.કિરીટભાઈ સોલંકી સાહેબની ગુજરાત પ્રદેશ ભાજપ અનુસુચિત જાતિ મોરચાના અધ્યક્ષ તરીકે તાજેતરમાં જ નિયુક્તિ થયા બાદ તેઓએ સમગ્ર ગુજરાતના જિલ્લાઓમાં અનુસુચિત જાતિ વિસ્તારોમાં પ્રવાસ કર્યો છે અને સમગ્ર ગુજરાતમાં તેઓને ભવ્ય આવકાર મળ્યો છે.

વીર મેઘમાયાના બલિદાન દિવસ માયા સાતમ અને સંત શિરોમણીશ્રી રવિદાસ બાપુની જન્મ જયંતિ ઉજવણી સમગ્ર ગુજરાતમાં થાય તે માટે ડૉ. કિરીટભાઈ સોલંકી સાહેબના અધ્યક્ષસ્થાને પ્રદેશ ભાજપ કાર્યાલય થી ૨૦ જાન્યુઆરી ના રોજ ઝૂમ વિડીયો કોન્ફરન્સ દ્વારા પ્રદેશ કક્ષાની ઓનલાઈન બેઠક યોજી હતી. આ બેઠકમાં ગુજરાતના મહારાજા સિધ્ધરાજ જયસિંહ સોલંકીના સુવર્ણ યુગના પાટણમાં સતીના શ્રાપનું નિવારણ કરી સહસ્ત્રલીંગ સરોવરમાં પાણી છલકાવી તમામ જીવાત્માઓને જીવનદાન આપી પોતાના દેહનું બલીદાન આપી સામાજિક સમરસતાનો સંદેશ આપનાર યુગ પુરુષ મહામાનવ બત્રીસ લક્ષણા સંત શિરોમણીશ્રી વીર મેઘમાયા દેવના ૮૮૮ મા બલિદાન દિવસ મહા સુદ સાતમની ઉજવણી અને સંત શિરોમણી શ્રી રવિદાસ બાપુની જન્મ જયંતિની સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓમાં ભવ્ય ઉજવણીના કાર્યક્રમો યોજવા માટે અનુસુચિત જાતિના પ્રદેશ અને જિલ્લાના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓને અનુરોધ કરવામાં આવ્યો હતો.

વીર મેઘમાયા દેવની જન્મ જયંતિ તેમજ બલિદાન દિવસની ઉજવણી ફક્ત ગુજરાત પુરતી સીમિતના રાખી આગામી દિવસોમાં સમગ્ર દેશમાં જન્મ જયંતિ અને બલિદાન દિવસની ઉજવણીના કાર્યક્રમો થાય તે માટે રાષ્ટ્રીય ભાજપ અનુસુચિત જાતિના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલસિંઘ આર્ય ને પણ અનુરોધ કર્યો હતો.ગુજરાત પ્રદેશ ભાજપ અનુસુચિત જાતિ મોરચાના અધ્યક્ષ શ્રી ડૉ. કિરીટભાઈ સોલંકી સાહેબની સૂચના અને માર્ગદર્શનને ધ્યાને લઈ શ્રી વિર મેઘમાયાના બલિદાન દિવસ મહા સુદ સાતમ ને ૨૫ જાન્યુઆરી ના રોજ સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓ પ્રથમવાર વીર મેઘમાયા બલિદાન દિવસના વિવિધ કાર્યક્રમો ભારે હર્ષોલ્લાસ સાથે યોજાયા હતા. આગામી દિવસોમાં પણ સંત શિરોમણી રવિદાસ જન્મ જયંતિ ભારે હર્ષોલ્લાસ સાથે સમગ્ર ગુજરાતમાં યોજવામાં આવશે.

સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓ પ્રથમવાર વીર મેઘમાયા બલિદાન દિવસના કાર્યક્રમો યોજવાના ડૉ. કિરીટભાઈ સોલંકી સાહેબના નિર્ણયને ગુજરાતના વીરમાયા પ્રેમીઓએ આવકારી તેઓને અભિનંદન આપી હર્ષની લાગણીઓ વ્યક્ત કરી હતી અને તેઓના નેતૃત્વમાં અનુસુચિત જાતિનું સંગઠન વધુ મજબૂત બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



ગણતંત્ર દિવસ નિમિત્તે રાજકોટ નાગરિક સહકારી બેંકમાં ધ્વજ વંદનનો કાર્યક્રમ તથા ભારત માતા નો કાર્યક્રમ યોજવામાં આવેલ તેમાં સહભાગી થવાનો લાભ મળેલ

# 'મિશન ડિપોર્ટેશન' વચ્ચે યુ.એસમાં ઈમિગ્રેશન અધિકારીઓએ વધુ એકની હત્યા કરતાં લોકોમાં ભારે આક્રોશ

વોશિંગ્ટન,

યુ.એસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ તંત્ર દ્વારા કડક ઈમિગ્રેશન નીતિઓ અને ફેડરલ એજન્ટોની કાર્યવાહી ફરી એકવાર મોટા વિવાદમાં આવી હોય તેવો કિસ્સો સામે આવ્યો છે. હાલમાં જ અમેરિકાના મિનેસોટા રાજ્યની રાજધાની મિનીઆપોલિસમાં એક ૫૧ વર્ષીય વ્યક્તિનું ફેડરલ એજન્ટોના હાથે ગોળી વાગવાથી મોત થયું છે, જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ ઘટનાને પગલે રાજ્યના ગવર્નર ટિમ વોલ્ઝ અને કેન્દ્ર સરકાર વચ્ચે ગંભીર ટકરાવની સ્થિતિ સર્જાઈ છે. ગવર્નર વોલ્ઝે આ ઘટનાને અત્યંત ઘૃણાસ્પદ ગણાવતા ડોનાલ્ડ ટ્રમ્પ પાસે માંગ કરી છે કે રાજ્યમાં તૈનાત હજારો અપ્રશિક્ષિત અને હિંસક ફેડરલ એજન્ટોને તાત્કાલિક પાછા ખેંચવામાં આવે અને આ ઓપરેશન બંધ કરવામાં આવે.

જો કે, આ ઘટના બાદ સુરક્ષાના કારણોસર સ્થાનિક પોલીસ અને પ્રશાસને લોકોને તે વિસ્તારથી દૂર રહેવાની સલાહ આપી છે. જોકે, ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી(ઢૐજી)એ દાવો કર્યો છે કે મૃતક વ્યક્તિ પાસે હથિયાર અને કારતૂસ હતા.

આ અગાઉ ૭ જાન્યુઆરીના રોજ પણ રેની ગુડ નામની મહિલાનું એજન્ટોના હાથે મોત થયું હતું, જે ત્રણ બાળકોની માતા હતી. તે સમયે પણ પ્રશાસને સ્વબચાવમાં ગોળી ચલાવી હોવાનો દાવો કર્યો હતો, પરંતુ લોકોમાં આ એજન્ટોની કાર્યશૈલીને લઈને ભારે આક્રોશ છે.



શ્રી બાવીસ ગામ કડવા પાટીદાર સમાજના અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગર જિલ્લા ઉપરાંત અન્યત્ર વસવાટ કરતા એક હજાર જેટલા સ્નેહીજનો માટે ભવ્ય રામકથાનું આયોજન તા. ૨૫/૧/૨૬ ને રવિવારના મંગલમય દિવસથી પ્રારંભ કરી તા. ૩૧/૧/૨૬ સુધી, અયોધ્યાના રોયલ હેરિટેજ રિસોર્ટના પ્રાકૃતિક, અલ્હાદક વાતાવરણમાં શ્રીમદ્ રાધાગોવિંદ ગોસ્વામી મહારાજના કૃપાપાત્ર શિષ્ય પ. પૂ. ચંદ્રગોવિંદદાસ મહારાજશ્રીના વ્યાસાસને કથાના મનોરથી યજમાન દાતાશ્રીઓના સુવર્ણ સહકારથી શ્રી બાવીસ ગામ કડવા પાટીદારના સેવાના ભેખધારી અગ્રણીવૃંદથી નિરૂપણ થયેલ શ્રી રામકથા આયોજન સમિતિના ભગીરથી પુરુષાર્થ, ઊંડી હૈયાસુઝ અને નિઃસ્વાર્થ સેવા મનોબળથી સરયું નદીના સાનિધ્યમાં કરવામાં આવેલ છે.કથાના પ્રથમ દિવસે મુખ્ય યજમાનશ્રી, પોથીયાત્રાના યજમાનશ્રી તથા પિતૃમોક્ષાર્થે લાભ લેનાર સર્વ ભામાશાઓ ઉપરાંત હજારથી વધુ શ્રોતા તથા રિસોર્ટના સ્થાનિક ધર્મપ્રેમી ભાઈઓ- બહેનો દ્વારા ખૂબજ અનેરા ઉત્સાહ ઉમંગ થી ભવ્યાતિભવ્ય પોથીયાત્રાનું આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતુંસરસ્વતી સાધક પ. પૂ. ચંદ્રગોવિંદદાસ મહારાજે કથાના પ્રારંભે વ્યાસપીઠનું મહત્વ, રામકથાનું માહાત્મ્ય તથા મંગલાચરણમાં ભક્તિવંદનાથી પ્રારંભ કરી શ્રોતાગણના મનને રામમય બનાવી દીધા હતા.

# બદ્રીનાથ-કેદારનાથમાં બિન-હિંદુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની તૈયારી

ઉત્તરાખંડના ચારધામ બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી સહિત ૫૦ મંદિરોમાં ટૂંક સમયમાં બિન-હિંદુઓના પ્રવેશ પર પ્રતિબંધ લાગી શકે છે. બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (મ્ દ્ભ્ઝ), ગંગોત્રી અને યમુનોત્રી ધામ મંદિર સમિતિ દ્વારા આપવામાં આવેલા પ્રસ્તાવ પર સરકારમાં સહમતિ બની ગઈ છે. આ પ્રતિબંધ શીખ, જૈન અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓ પર લાગુ પડશે નહીં.ચારધામ ઉપરાંત મંદિર સમિતિઓના તાબા હેઠળ આવતા અન્ય ૪૬ મંદિરો માટે પણ આવા જ પ્રસ્તાવો તૈયાર કરવામાં આવ્યા છે. આ સાથે, સીએમ પુષ્કર સિંહ ધામીએ આ મામલે તીર્થ પુરોહિતોની આસ્થાને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાની વાત કહી છે.બદ્રીનાથ અને કેદારનાથ સહિત મંદિર સમિતિ હેઠળ આવતા તમામ મંદિરોમાં બિન-હિંદુઓના પ્રવેશ પર રોક લગાવવાનો પ્રસ્તાવ આગામી બોર્ડ બેઠકમાં રજૂ કરવામાં આવશે. આ બેઠકમાં તીર્થ પુરોહિતો અને ધર્માધિકારીઓ પણ સામેલ થશે.

આ પહેલાં, ગંગોત્રી મંદિર સમિતિએ રવિવારે બેઠકમાં સર્વસંમતિથી ગંગોત્રી ધામમાં મંદિર અને ગંગા ઘાટો પર બિન-હિંદુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાના પ્રસ્તાવ પર સંમતિ આપી હતી. મંદિર સમિતિના સચિવ સુરેશ સેમવાલે જણાવ્યું કે શીખ ધર્મના અનુયાયીઓ હિંદુ ધર્મની જ એક શાખા માનવામાં આવે છે, તેથી તેમના પર આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.જ્યારે, યમુનોત્રી ધામ મંદિર સમિતિએ બિન-હિંદુઓના પ્રવેશ પર પ્રતિબંધને લઈને પ્રસ્તાવ તૈયાર કરી લીધો છે. મંદિર સમિતિના સચિવ પુરુષોત્તમ ઉનિયાલે જણાવ્યું કે તેને જલ્દી લાગુ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું કે હિંદુ ધર્મની શાખાઓમાં આવતા અનુયાયીઓ પર આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

બીકેટીસી અધ્યક્ષ હેમંત દ્વિવેદીએ સ્પષ્ટ કર્યું કે બિન-હિંદુનો અર્થ એવા લોકોથી છે, જેમની સનાતન ધર્મમાં આસ્થા નથી. તેમણે કહ્યું કે જે લોકો સનાતન પરંપરામાં વિશ્વાસ રાખે છે, તેમના માટે કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી ધામ ખુલ્લા રહેશે.મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે ધામોના સંચાલન સાથે જોડાયેલા ધાર્મિક સંગઠનો, તીર્થ પુરોહિતો અને સંત સમાજના અભિપ્રાયના આધારે જ સરકાર આગળ નિર્ણય લેશે. તેમણે કહ્યું કે આ સ્થળો માટે પહેલાથી બનેલા કાયદાઓનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે અને તેના આધારે જ નિર્ણય લેવામાં આવશે.

# પાટણના જાણીતા એન્જિનિયર પરેશ મકવાણા ને સમાજ રત્ન એવોર્ડ થી સન્માનિત કરાયા



શ્રી વિર મેઘમાયા ના બલિદાન દિવસ માયા સાતમ ના ઉજવણીના શુભ અવસરે સમગ્ર પરગણા વણકર સમાજ કુટુંબ એપ ગુજરાત ના સ્થાપક શ્રી ભીખાભાઈ એ. મકવાણા અને કમિટીના સદસ્યો દ્વારા વીર મેઘમાયા વિશ્વ મેમોરિયલ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ સેન્ટર પાટણ ના કારોબારી સભ્ય અને પાટણના જાણીતા એન્જિનિયર શ્રી પરેશભાઈ મકવાણા નું સમાજ રત્ન એવોર્ડ થી સન્માન કરવામાં આવ્યુંપાટણ ખાતે વીર મેઘમાયા વિશ્વ મેમોરિયલ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ સેન્ટર પાટણ ના ટ્રસ્ટી અને પાટણ નગરપાલિકાના કોર્પોરેટર રાજેન્દ્રકુમાર કે. હિરવાણીયા ના વરદ હસ્તે પરેશભાઈ મકવાણા ને અનાજ રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.તેઓને સમાજ રત્ન એવોર્ડ મળવા બદલ અભિનંદન આપી તેઓ જીવનના દરેક ક્ષેત્રમાં ઉત્તરોતર પ્રગતિ કરતા રહો એવી શુભકામનાઓ પાઠવી હતી.આ શુભ અવસરે સમગ્ર પરગણા વણકર સમાજ કુટુંબ એપ ના આદ્ય સ્થાપક શ્રી ભીખાભાઈ મકવાણા, વીણાબેન પરમાર સહિત કમિટીના સભ્યોએ શુભકામનાઓ પાઠવી હતી.

## સમસ્ત મોકાણી પરિવાર દ્વારા શ્રી ચામુંડા માતાજી ના મઠ તરફથી પાળીયાદ ગેટ નું ભૂમિ પૂજન શ્રી વિસામણ બાપુ ની જગ્યા ના મહંત પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહા મંડળેશ્વર નિર્મળા બા ના હસ્તે થયું



આજરોજ પાળીયાદ ખાતે સમસ્ત મોકાણી પરિવાર દ્વારા શ્રી ચામુંડા માતાજી ના મઢ તરફથી પાળીયાદ ગેટ નું ભૂમિ પૂજન તારીખ ૨૬-૦૧-૨૦૨૬ સમય સવારે ૧૦ પાળીયાદ શ્રી વિસામણ બાપુ ની જગ્યા ના મહંત પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહા મંડળેશ્વર નિર્મળા બા ના હસ્તે થયું જેમાં પાળીયાદ સમસ્ત મોકાણી પરિવાર ઉપસ્થિત રહ્યા તેમજ પાળીયાદ ગામના દરેક સમાજ ના આગેવાનો ખુબ બહોળી સંખ્યા માં ઉપસ્થિત રહેલ અને પાળીયાદ ગામના વિકાસ્ માં એક નવી યશ કલગી ઉમેરાય આ ગામનો સતત વિકાસ થાય એવી ઠાકર પાસે પ્રાર્થના કરી ગ્રામજનો એ પૂજ્ય બા ના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા

## પશ્ચિમ બંગાળમાં બે ગોડાઉનમાં આગ, ૮ના મોતઃઘણા મજૂરો ફસાયા હોવાની આશંકા; સાત કલાકમાં ૧૨ ફાયર ફાઈટરોએ આગ બુઝાવી

પશ્ચિમ બંગાળના સાઉથ ૨૪ પરગણા જિલ્લામાં સોમવારે સવારે બે ગોડાઉનમાં આગ લાગવાથી ૮ લોકોના મોત થયા. ઘણા મજૂરો ગુમ છે.પોલીસના જણાવ્યા અનુસાર, આગ સવારે લગભગ ૩ વાગ્યે લાગી હતી. ફાયર બ્રિગેડની ૧૨ ગાડીઓએ લગભગ ૭ કલાકની જહેમત બાદ સવારે ૧૦ વાગ્યે આગ પર કાબૂ મેળવ્યો. જોકે, ગોડાઉનના કેટલાક ભાગોમાં મોડી સાંજ સુધી ધુમાડો અને આગ ચાલુ રહી હતી.સાંજે લગભગ ૫ વાગ્યે ત્રણ મૃતદેહ મળ્યા. બાદમાં શોધખોળ દરમિયાન અન્ય પાંચ મૃતદેહ મળી આવ્યા. બારુઈપુર પોલીસ જિલ્લાના એસપી શુભેન્દુ કુમારે જણાવ્યું કે તમામ મૃતદેહો એટલી ખરાબ રીતે દાઝી ગયા છે કે ઓળખ શક્ય નથી.શરૂઆતમાં ૬ લોકો ગુમ થયા હોવાની માહિતી મળી હતી, પરંતુ પરિવારજનોનું કહેવું છે કે આ સંખ્યા ૧૦થી વધુ હોઈ શકે છે. ગોડાઉનમાં એક ડેકોરેટિંગ કંપની અને એક લોકપ્રિય મોમો ચેઈનના મજૂરો કામ કરતા હતા, જેઓ ત્યાં જ કામચલાઉ રૂમોમાં રહેતા હતા.ચાર મજૂરોએ સમયસર ફેક્ટરીમાંથી બહાર ભાગીને પોતાનો જીવ બચાવ્યો. મૃતક અને ગુમ થયેલા મજૂરો પૂર્વ મેદિનીપુર, પશ્ચિમ મેદિનીપુર અને દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના રહેવાસી છે.ભાજપના ધારાસભ્ય અશોક ડિંડાએ આરોપ લગાવ્યો કે અડધી રાત્રે ગોડાઉનનો મેન દરવાજો બંધ હતો, જેના કારણે ઘણા મજૂરો બહાર નીકળી શક્યા ન હતા.રાજ્યના વીજળી મંત્રી આરુપ બિસ્વાસે કહ્યું કે ગાઢ ધુમાડો હટ્યા પછી જ સ્પષ્ટ થશે કે અંદર કોઈ ફસાયું હતું કે નહી.



સરસ્વતી શિશુ મંદિર ડાકોર માં તારીખ ૨૬ /૧/ ૨૦૨૬ ને સોમવારના રોજ ૭૭ માં પ્રજાસત્તાક દિનની તેમજ ભારત માતા પૂજન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી જેમાં અધ્યક્ષ તરીકે વિદ્યાલયના જ પૂર્વ છાત્ર ડોક્ટર નૈનેશભાઈ રાઉલજી તેમજ ઉપાધ્યક્ષ તરીકે શ્રી ડોક્ટર હેમાબેન મયુરભાઈ શાહ તેમજ વિદ્યાલયના પ્રમુખશ્રી સુરજ પ્રકાશ નારંગ તેમજ મંત્રીશ્રી નર્મદાશંકર તરવાડી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG NO.0059**
વિષય સાહિત્ય સરિતા
ગ્રુપ ચતુર્થ સ્નેહ
મિલન.
ગધ્ય શિર્ષક "સાહિત્ય સરિતા આનંદ મેળો"
શબ્દો ૩૫૦
જયકાન્ત ઘેલાણી
પ્યારે’. બોરીવલી.

આપણે બધા નાના બાળકો હતા ત્યારે ગામના પાદરે દર વર્ષે મેળો ભરાતો અને આપણે સૌ તેનો વધુમા વધુ આનંદ લૂંટતા ! કેમ ખરુને મિત્રો ?
ઊપરોક્ત મેળા જેવોજ ઊત્સાહ?
પ્યારે’,જ્યારે,એન.ઓ.જી. સાહિત્ય સરિતા પરિવાર ના વાર્ષિક સ્નેહ મિલન ની તારિખ અને સ્થળ, અંધ જન મંડળ હોલ જાહેર થતાજ
સભ્ય પરિવારમા આનંદનું મોજુ ફરી વળેછે ,અને સંચાલક શ્રી પ્રદિપભાઈ અને સહ સંચાલક મિનાક્ષીબેન પ્રસંગ ને આનંદ સાથે વધુ રોચક બનાવવાં પ્રવૃત બનેછે
પુત્ર, પુત્રી સાથે જમાઈ પણ કામમા હમેશા આગળ જ હોયછે.
હાં,એડમીન ટીમ ના સભ્યો પણ સાથેજ કાર્યરત હોયછે.

ચતુર્થ સ્નેહ મિલન ને
સફળ કરવામા ચારે દિશાઓનો સહયોગ મળ્યો
પૂર્ણ વર્ણન કરવામા શબ્દો અધૂરા રહે અને પેપરો જરૂર ઓછા પડે ?

આતો ગાગરમા સાગર ભરવા જેવી વાત !
સાગરની,ગાગરમા ભરતી કરી છે હો ! ! !

ચા-કોફી નાસ્તા સાથે
બે ટાઈમના મનભાવન ભોજનની આગવી વ્યવસ્થા પહેલેથીજ તય !
આવનાર દરેક સભ્યોનું તિલક પ્રેમના પ્રતિક સમા ગૂલાબ પૂષ્પ અને સંસ્થાના બેઝ સાથે શૂસ્વાગતમ્
પ્રાથર્ના,ગણેશ વંદના સરસ્વતિ વંદના થી ર્દ્રંટ સાહિત્ય સરિતા ચતુર્થ મિલન નો શૂભારંભ,અંધજન મંડળ હોલ અમદાવાદ

આજે હાજર રહેલાદરેક સભ્ય જરુરી પરિચય વિધી એક ટૂકો પરિચય લાંબી મિત્રતા ની શૂભ શરૂઆત !

ર્દ્રંટ સાહિત્ય સરિતા ના સંચાલક
શ્રી પ્રદિપભાઈ રાવલ,દ્વારા સંસ્થાની ખાટી- મીઠી વાતો ની આગવી રજુઆત.
સહ સંચાલક મિનાક્ષીબેન રાવલ નું સમય સમય ને અનુરૂપ માર્ગદર્શન અને સૂચારૂ સંચાલન.
એડમીન ટીમ ના સિનીયર સભ્ય જયકાન્ત ઘેલાણી દ્વારા સભ્યોને સંસ્થા નો ઉદેશ નો સંદેસ.

આમંત્રીત અતિથીદેવોનુ હાર્દિક સ્વાગત,પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, શ્રી સૂધીર પટેલ (અમેરિકા), શ્રી રજની પટેલ,શ્રી સતિન દેસાઈ તેમજ શિક્ષણવિદ ધારિણીબેન શૂક્લ ની હાજરી ગૌરવમય બની, તેમજ તેઓ તરફથી મન ભાવન વકતવ્ય અને તાલીઓના તાલે તેને આગવી દાદ !
સંસ્થા તરફથી મહેમાનો નું શાલ અને મોમેન્ટોથી બહુમાન.

ગધ્ય,પધ્ય પઠન, એકાંકી ,બોશ/સેક્રેટરી ની રજુઆત, જયકાન્ત ઘેલાણી અને પ્રિતીબેન પટેલ.
કરાઊકે ગીતોની રજુઆત,સંચાલક
શ્રી નીખીલભાઈ કિનારીવાલા.
મનભાવન ગીતો- કવિતા ભજન દુહા ની પ્રસ્તુતી સભ્યો દ્વારા,
નિર્ણાયકો દ્વારા અપાયેલ નિર્ણય મૂજબ ઈનામ વિતરણ સમારોહ.
ફોટોગ્રાફી અને વિડિયીગ્રાફી મારફત યાદગાર સંભારણા ની યાદો, બહેન પૂજા એ સૂપેરે પાર પાડી,
સંપૂર્ણ કાર્યક્રમની ટૂકીં અને અંલંકારીક ભાષામા લાઈવ રજુઆતની જવાબદારી ને ચાર ચાંદ સાથે પુરી કરવામાં
ડો.મનિષાબેન વ્યાસની અદભૂત રજૂઆત.
સંસ્થાના દરેક નામી અનામી સભ્યો નો હ્દયપૂર્વક નો સાથ સહકાર અવર્ણનિય !
જાજા હાથ રળીયામણા
કહેવત યથાર્થ રહી.
દરેક સભ્યોને આદરણિય શ્રી જિતેન્દ્રભાઈ શાહ તરફથી તેમના ચાર પુસ્તકો અને જરૂરતમંદ પરિવારને આપવા માટે એક સાડી આપેલ હતી.

રાતના આઠ વાગ્યે અરસ પરસ વહેલીતકે મળવાના મીઠા કોલ,અને જીવન ના યાદગાર સંભારણા સાથે પ્યારે’ દરેકનું ઘર તરફ પ્રયાણ એક યાદગાર સ્નેહ મિલન ની યાદો ભાતા રુપે ને દરેકના જીવનમા કાયમી સંભારણા રૂપે.

એન.ઑ.જી. સાહિત્ય સરિતા !

પ્યારે’,ખળ ખળ વંહેતી પ્રેમસભર સરિતા !
★★★★★★
**NOG SS No : 0110**
વિષય- ર્દ્રંટ સાહિત્ય સરિતા ગ્રુપ ’ચતુર્થ સ્નેહમિલન’
શીર્ષક- સ્નેહમિલન બન્યું સ્નેહભીંજન
પ્રકાર-પદ્ય શબ્દ- ૧૪૧

ઘણી ઉગવા મથતી કલમો તો વળી કંઈક કસાયેલી કલમો
ઘણી રસાળ ને માદક તો કંઈક તેજતર્રાર ને ધારદાર કલમો

ઘણી નવા ઉઘાડને ઝંખતી તો કંઈક ઊંડાણે રોપતી કલમો
ઘણી સુદામા તાંદુલ સમી તો કંઈક વિજયને પોંખતી કલમો

એકરસ ને એકજૂથ સઘળા કવિ લેખક ને સાહિત્ય સર્જકો
સહુએ પ્રેમે મળ્યા, ભળ્યા ને તર્યા ર્દ્રંટ સાહિત્ય સરિતામાં

ક્યાં ર્દ્રંટ સાહિત્ય સરિતા ગ્રુપના આ ચતુર્થ સ્નેહમિલનમાં
ના હું ના તું બસ આપણે સાહિત્યનું થયું અનેરું સ્નેહભીંજન

અંધકારને ચીરતું પ્રકાશનું કિરણ પુંજ સાંપડ્યું સ્નેહમિલનમાં
વિદ્વાનોની સૂચક પ્રેરક ઉપસ્થિતિએ ભીંજવ્યા સ્નેહભીંજને

સંચાલકોની આત્મિયતા સુનિષ્ઠા ને પ્રેમે નિમંત્ર્યા અમ સહુને
ઘણું મેળવ્યું ને વહેંચ્યું ર્દ્રંટ સર્જકોએ ચતુર્થ સ્નેહમિલનમાં

હેતે સહુ હળ્યા મળ્યા સાહિત્ય સંગે ને ઝૂમ્યા સંગીતના તાલે
અંતે ર્દ્રંટ સાહિત્ય સરિતા સ્નેહમિલન બન્યું સ્નેહભીંજન

નિખિલ કિનારીવાળા (અમદાવાદ)
★★★★★★
**NOG SS 223**
વિષય:ર્દ્રંટ સરિતા ગૃપ ચતુર્થ સ્નેહ મિલન
શીર્ષક:આત્મ આનંદ યાત્રા
પ્રકાર:પદ્ય શબ્દ :૧૩૨

મળ્યા સહું અંધજન મંડળે પ્રગટાવ્યો સાહિત્ય પ્રદીપ અખંડ,
શબ્દ જ્યોતિ બની આત્મજ્યોત પ્રકાશ પ્રસરે સદા નવખંડ.

આ મિલન તો ભાવ સાથે ભાષા સાહિત્ય સંગીત કલા ત્રિવેણીસંગમ,
જાણ્યુ સૌએ જીવન એટલે ઋણાનુંબંધે સ્નેહસેવા હ્દય મિલન.

સહુના સંગાથે શબ્દોની યાત્રા અનંતની આનંદગોષ્ટિ કરતા જઈએ,
છે જીવન ક્ષણભંગુર પણ સ્નેહ મિલન અમૃત પામતા જઈએ.

સમર્થ સર્જકો સાથે સાહિત્યગોષ્ટિ આનંદ માણતા જઈએ,
સાહિત્યકારોની કૃતિઓમાં સત્યમ્ શિવમ્ સુંદરમ્ દર્શન કરતા જઈએ.

સાહિત્યસરિતાનાં સંચાલકો સાથે અન્નબ્રહ્મ આનંદબ્રહ્મ પામતા જઈએ,
સવારે તો મળ્યા ખિલ્યાં સાંજે મધુરીયાદો સાથે વિદાય લેતા જઈએ.

સ્નેહમિલનની આ સાહિત્યસરિતા શાશ્ર્વતી સાગરે જઈ મળે,
આપણે તો સાહિત્ય સાધના દ્રારા સત્ ચિત્ આનંદ પ્રાપ્તિ મળે.
- દેવેન્દ્ર આચાર્ય
(અમદાવાદ)
★★★★★★
**NOG SS NO.0185**
વિષય : ર્દ્રંટ સાહિત્ય સરિતા ગ્રુપ
‘ચતુર્થ સ્નેહ સંમેલન,
શીર્ષક : સાહિત્ય સ્પંદનોનોનું મિલન
પ્રકાર : પદ્ય શબ્દો : ૯૭

‘એનઓજી’ ચતુર્થ સ્નેહ સંમેલને સૌ પ્રેમે મળ્યાં,
અંધજન સંસ્થાએ ગદ્ય ને પદ્યની શબ્દધારા વહી,
સાહિત્ય સ્પંદને શબ્દ સાયુજ્યે હોઠે ભાવ વહ્યાં,
પ્રદીપજીએ અંતરનું અમૃત પીરસી સેવા વહાવી,
ને મીનાક્ષીબહેને સ્નેહ સંમેલને પ્રાણ પૂર્યા.

પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાએ વાણીએ અમૃત પીરસ્યું,
શ્રી સતિનજીએ દિલનાં ભાવોએ મંથન પીરસ્યું,
સ્ત્રી શક્તિ ધારીણીજીએ સેવાની સુગંધ પીરસી,
‘અતિથી દેવો ભવ’ની સ્નેહ મિલને સંગત માણી,
ને નાસ્તો, ભોજન, ચા સંગે લિજ્જત માણી.

માનવતાની સુગંધે કલમે સાહિત્ય આભા પ્રસરી,
કરાઓકે, એકાંકી ને કાવ્ય પઠને રસધારા ચાલી,
એવોર્ડ, સર્ટિફિકેટે આપ્યાં ‘એનઓજી’ સંસ્થાએ,
‘ઝરૂખો’ જુએ સ્નેહે સાહિત્ય રસે સૌ મુગ્ધ થયાં,
ને ૧૮ જાન્યુઆરીએ સરભરા સૌએ માણી.

-દિલીપ સી. સોની ’ઝરૂખો’ અમદાવાદ.
★★★★★★★
**NOG SS No : 001**
પ્રકાર : ગદ્ય
શીર્ષક : સ્નેહમિલન નું સંભારણું
વિષયઃ ચતુર્થ સ્નેહમિલન

સૌનો સાથ સૌનો વિકાસ જેવા સૂત્રો ના શાસનકાળ માં સાહિત્ય સેવા ના સર્જકો નો ર્દ્રંટ સાહિત્ય સરિતા ગ્રુપ નો ચતુર્થ સ્નેહમિલન સમારોહ અદભૂત રહ્યો..ગ્રુપ ને સતત જાગૃત રાખી રહેલા સાચા,સત્ય અને ફરજ ને વરેલા સર્જકો થકી ર્દ્રંટ દિનપ્રતિદિન સ્નેહમિલન માં કંઈક નવું ને નવું ઉમેરો કરી રહ્યું.
સાચા સાહિત્ય ની જાળવણી કરવામાં ઉચ્ચ કક્ષા ના સાહિત્યકારો માં તટસ્થ અને નિસ્વાર્થ સેવા ના ભેખધારી સાહિત્યકારો નો સિંહફાળો રહ્યો છે.ર્દ્રંટ નહીં નફો.નુકશાન ના ધોરણે ગ્રુપના સભ્યો ના સહયોગ થી તેમજ સાહિત્યિક સિનિયર ના માર્ગદર્શન થી આ ચતુર્થ સ્નેહમિલન સફળ થઈ રહ્યું છે.માત્ર રેગ્યુલર સર્જક લેખકો અને સાહિત્ય સંગીતનું વિશ્વ આયોજક,એડમિન સભ્ય,જિતેન્દ્ર શાહ જેવા સહયોગી અને સભ્યો નો હૃદય થી આભાર....
૨૦૧૮ થી ૨૦૨૬ સુધી ગ્રુપ ની એકધારી પ્રવૃતિઓ સતત નિર્વિવાદ ચાલી રહી છે.
પ્રદીપ રાવલ
સંચાલક.ગાંધીનગર

### ડાંગઃ સુબીરના ઘણીયા આંબા ગામે કરોડોના ખર્ચે

# બનતી પાણીની ટાંકીમાં ગંભીર બેદરકારી; બાંધકામ ‘તરસ્યું’ રહી જતાં ગ્રામજનોમાં રોષ



સુબીર, ડાંગઃ
ડાંગ જિલ્લાના છેવાડાના વિસ્તારો સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાના ઉમદા આશય સાથે સરકાર દ્વારા ‘ઉકાઈ ડેમ પાણી પુરવઠા યોજના’ હેઠળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે. જોકે, સુબીર તાલુકાના ઘણીયા આંબા ગામે બની રહેલી પાણીની ટાંકીના કામમાં કોન્ટ્રાક્ટર અને શ્રમિકોની ઘોર બેદરકારી સામે આવતા બાંધકામની ગુણવત્તા પર સવાલો ઊભા થયા છે.

ક્યુરિંગના અભાવે મજબૂતી જોખમમાં

કોઈપણ સિમેન્ટ કોન્ક્રિટના બાંધકામની મજબૂતી માટે નિયમિત ‘ક્યુરિંગ’ એટલે કે પાણીનો છંટકાવ અત્યંત અનિવાર્ય છે. ઘણીયા આંબા ગામે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહથી ટાંકીનું કામ શરૂ કરવામાં આવ્યું છે, પરંતુ સ્થાનિકોના આક્ષેપ મુજબ, આજદિન સુધી કામદારો દ્વારા બાંધકામ પર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો નથી. ફોટામાં જોઈ શકાય છે તેમ, ટાંકીના ઉપરના ભાગે સળિયા ખુલ્લા છે અને બાંધકામ સૂકું ભઠ્ઠ દેખાઈ રહ્યું છે.

ભ્રષ્ટાચાર અને નબળા કામનો ડર

સ્થાનિક ગ્રામજનોમાં આ નબળા કામને લઈને ભારે ચિંતા છે. જાગૃત નાગરિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે:
×સરકાર પ્રજાના કરોડો રૂપિયા આ યોજના પાછળ ખર્ચી રહી છે, પણ જો ટાંકી જ નબળી બનશે તો તે પાણીનું દબાણ કેવી રીતે સહન કરશે? શું લોકાર્પણ પહેલા જ આ ટાંકી ભ્રષ્ટાચારની ભેટ ચડી જશે?×

તંત્ર સામે સવાલો અને માંગણી

જ્યારે સરકાર ‘નલ સે જલ‘ જેવી મોટી યોજનાઓ ચલાવી રહી છે, ત્યારે જવાબદાર એન્જિનિયરો કે અધિકારીઓ સ્થળ પર નિરીક્ષણ કરવા કેમ નથી આવતા? પાણીના છંટકાવ વગર તૈયાર થતું આ માળખું ભવિષ્યમાં મોટી દુર્ઘટના સર્જી શકે છે.

ગ્રામજનોની મુખ્ય માંગણીઓ:

તપાસઃ ઉચ્ચ કક્ષાના અધિકારીઓ દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરવામાં આવે.

ગુણવત્તા ચકાસણી: બાંધકામની ગુણવત્તાનું યોગ્ય ટેસ્ટિંગ કરવામાં આવે.

નિયમોનું ઉલ્લંઘન કરનાર બેદરકાર કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં લેવાય.

### એક સાથે, એક કચેરીના ત્રણ કર્મયોગીઓને,

## એક જ દિવસે, સન્માનિત કરવાની અભૂતપૂર્વ ઘટના ગાંધીનગર જિલ્લામાં બની: નાયબ માહિતી નિયામક પારુલ મણિયાર આ ગૌરવશાળી ક્ષણના સાક્ષી બન્યા





કલેકટર શ્રી મેહુલ કે. દવેના માર્ગદર્શન હેઠળ જિલ્લા માહિતી કચેરી ગાંધીનગર દ્વારા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ, વિકાસ કાર્યો તથા અભિયાનના પ્રચાર-પ્રસારની ઉત્તમ કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે ગાંધીનગર જિલ્લાની માહિતી કચેરી માટે ખૂબ જ આનંદ, ઉત્સાહ અને પ્રેરણાદાયી ઘટના બની છે. આજે ગાંધીનગરની કચેરીમાં કાર્યરત સિનિયર સબ એડિટર શ્રીમતી દિવ્યા ત્રિવેદી, માહિતી મદદનીશ સુશ્રી નેહા તલાવિયા અને ફોટોગ્રાફર વિનોદભાઈ સોલંકીનું ગાંધીનગર જિલ્લામાં માણસા ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના ૭૭મા પ્રજાસત્તાક દિને , ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે તેમની, શ્રેષ્ઠ કામગીરીને બિરદાવીને તેમનું જાહેર સન્માન કરવામાં આવ્યું છે. એક સાથે, એક જ કચેરીના ત્રણ કર્મયોગી ઓને,એક જ દિવસે સન્માનિત કરવાની ગૌરવશાળી ઘટના ગાંધીનગરમાં બની છે. આ સન્માન સમગ્ર ટીમ ગાંધીનગર જિલ્લા માહિતી કચેરીનું છે. નાયબ માહિતી નિયામક સુશ્રી પારુલ મણીયાર આ ગૌરવશાળી ક્ષણના સાક્ષી બન્યા હતા. ગાંધીનગર જિલ્લા માહિતી કચેરીના તમામ કર્મચારીઓ સન્માનિત થયેલા ત્રણેય વ્યક્તિઓને અભિનંદન પાઠવી ખૂબ ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે.

# આન બાન શાન સાથે મેઘરજમાં ગુંજી ઉઠી દેશભક્તિની ધ્વનિ ૭૭ માં પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી........



મોડાસા ૨૬ ૧ ૨૦૨૬

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકા મથકે આજે તારીખ ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ૭૭ માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી અત્યંત ભવ્ય શિષ્ટ બુદ્ધ અને કરસનલા થી ભરપુર વાતાવરણમાં યોજાઈ હતી

જિલ્લા કલેકટર શ્રી શ્રીમતી પ્રશસ્તિ પારીકના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો અને ધ્વજ અંદર કરીને સૌએ રાષ્ટ્રને હાર્દિક વંદન કર્યું ધ્વજવંદન બાદ જિલ્લા કલેક્ટર શ્રી એ અરવલ્લી જિલ્લાના વાસીઓને હૃદય પૂર્વક અને પ્રિય અરવલ્લી વાસીઓ આજે આપણે ૭૭ માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી રહ્યા છીએ આ દિવસે માત્ર એક તહેવાર નથી પરંતુ આપણા સંવિધાનની મહાનતા આપણી એકતા અને અખંડિતતા નું પ્રતીક છે ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ના નેતૃત્વમાં રચાયેલું આપણું સંવિધાન વિશ્વનું સૌથી લાંબુ લેખિત સંવિધાન છે જે આપણા સમાનતા સ્વતંત્ર ન્યાય અને બંધુત્વના મૂળભૂત અધિકારો આપે છે આજે આપણું ભારત આત્મા નિર્બળ ભારત અને વિકસિત ભારત એટ ધ ૨૦૧૭ માં સંકલ્પ તરફ આગળ વધી રહ્યું છે અરવલ્લી જિલ્લામાં પણ આપણે સરકારની વિવિધ યોજનાઓ દ્વારા ગરીબી નિવારણ શિક્ષણ આરોગ્ય રોજગારી અને ગ્રામીણ વિકાસ મહત્વની પ્રગતિ કરી છે પરંતુ આ પ્રગતિએ વધુ ઝડપી બનાવવા માટે આપણા દરેક નાગરિકોની સક્રિય ભાગીદારી જરૂરી છે અરવલ્લી જિલ્લામાં અનેક વિકાસના કાર્યો થાય છે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં રોડ પુરવઠા આરોગ્ય શિક્ષણ અને આવા ક્ષેત્રે મહત્વની યોજનાઓ અમલમાં મુકાય છે સ્માર્ટ વિલેજ યોજના હેઠળ અને ગામોની પસંદગી કરવામાં આવી છે વહાલી દિકરી યોજના આદિજાતિ વિકાસ યોજના નો મહિલા સશક્તિકરણ અને બાળ વિકાસ કાર્યક્રમમાં સફળતાપૂર્વક ચાલુ છે ખાણ અસરગ્રસ્ત વિસ્તારમાં સખી મંડળોને મશીનરી આપવાની યોજના શામળાજી તાલુકાના વિકાસ કાર્યો અને જિલ્લા આયોજન મંડળ દ્વારા વિવિધ પ્રોજેક્ટનું હાથ ધરાયું છે આ બધી યોજનાઓની જિલ્લાના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં સુધારો થયો છે

આજે હું તમામ અરવલ્લી વાસીઓને આહવાણ આપ કરું છું કે આપણે મળીને પર્યાવરણ સંરક્ષણ જળ સંરક્ષણ ડિજિટલ ભારત મહિલા અને યુવાનોના વિકાસ માટે કાર્ય કરીએ આપણા જિલ્લાના યુવાનોને કુશળતા વિકાસ શિક્ષણ અને રોજગારી તકો પૂરી પાડવા માટે વહીવટી તંત્ર પ્રતિબંધ છે આપણે સૌ મળીને એક ભારત શ્રેષ્ઠ ભારતના સપનાને સાકાર કરીશું

આ કાર્યક્રમમાં ભવ્ય પ્રેડ રંગબેરંગી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને આકર્ષક ટેબલાઓ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું દેશભક્તિના ગીતો નૃત્ય નાટક અને સરકારી યોજનાઓ તથા સાંસ્કૃતિક વાતાવરણને દર્શાવતા ટેબલાઓએ સૌના મનને ઝંકુત કરી દીધું આ ઉજવણી દરમિયાન વિવિધ ક્ષેત્રમાં ઓગસ્ટ કામગીરી બજાવતાર અધિકારીઓ કર્મચારીઓ શાળા સંસ્થાઓ અને અને ટીમોને પ્રમાણપત્રો તથા એવોર્ડ અનાયત કરવામાં આવ્યા જેથી સૌને વધુ ઉત્સાહ મળ્યો આ ભવ્ય કાર્યક્રમમાં જિલ્લા ના વરિષ્ઠ અધિકારીઓ શિક્ષણ વિદ્યાર્થીઓ યુવાનોની અને હજારોની સંખ્યામાં નાગરિકો ઉપરથી રહ્યા હતા સમગ્ર વાતાવરણ રાષ્ટ્ર ભક્તિના દોસ્તી ઉઠ્યું હતું

અરવલ્લી જિલ્લા એક ભારત શ્રેષ્ઠ ભારત ના સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે જય હિન્દ જય ભારત જય હિન્દ વંદે માતરમ

## રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓના બાળકોને આપત્તિ અંગે સમજ તથા આપત્તિથી બચવા માટેના પ્રયાસો અંગે જાગૃત કરાશે



ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા વર્ષ-૨૦૧૫ થી દર વર્ષે ગુજરાત શાળા સલામતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં ચાલુ વર્ષ-૨૦૨૬ના ''શાળા સલામતી સપ્તાહ'' કાર્યક્રમની ઉજવણીનો શુભારંભ તા. ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ૅજીછ૨ ની વંદે ગુજરાત ચેનલ મારફતે કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા વિડીયો મેસેજના માધ્યમથી શાળા સલામતી સપ્તાહનો શુભારંભ કરવામાં આવ્યો હતો. મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગના રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહિડા દ્વારા વિડીયો સંદેશના માધ્યમથી ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિષયક માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું.'શાળા સલામતી સપ્તાહ' દરમિયાન સતત એક અઠવાડિયા સુધી રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં બાળકોને આપત્તિ અંગેની સમજ તથા આપત્તિથી બચવા માટેની પ્રયુક્તિ વગેરે જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. જેમાં સંભવિત જોખમોના ચાર્ટ, પોસ્ટર,ૈંઈઝ ઓડિયો-વિડીયોના માધ્યમથી સમજ આપવી, પુર, આગ, અકસ્માત, ભુકંપ જેવી હોનારતોની સમજ આપવી, નિબંધ, ચિત્ર, વકતૃત્વ સ્પાર્ધાનું આયોજન, શોધ અને બચાવ-પ્રાથમિક સારવાર અંગેની માહિતી-નિર્દેશન, ડેમોસ્ટ્રેશન, મોકડ્રીલનો સમાવેશ થાય છે.

## ગણપત યુનિવર્સિટીની દીકરી : દાદાના વ્હાલનો દરિયો !

# ડિપ્લોમા ઓટોમોબાઈલની હોંશિયાર અને જરૂરિયાતમંદ દીકરી પ્રાત્વી પંડયાને તે ભણે ત્યાં સુધીની ફી - માફીની ગણપત દાદાએ આપી ઉદાર સહાયતા !



ગણપત યુનિવર્સિટીની બી. એસ. પટેલ પોલિટેકનિક કોલેજમાં આ વર્ષે ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ કોર્સના પહેલા વર્ષમાં દાખલ થયેલી કુ. પ્રાત્વી રવીન્દ્રભાઈ પંડ્યા નામની વિદ્યાર્થીનીને દસમા ધોરણમાં ૭૫ % ઉપર માર્ક્સ આવ્યા હોય તેને ટી.એફ.ડબલ્યુ.એસ. યોજના હેઠળ યુનિવર્સિટીમાં ટ્યુશન-ફીમાં માફી મળી છે, તો યુનિવર્સિટીના પ્રમુખ પદ્મશ્રી ગણપત દાદા તેમ જ શ્રીમતી મંજુલા દાદીના કન્યા કેળવણી માટેના અગાધ પ્રેમને કારણે એમણે ચિ. પ્રાત્વી પંડયાની ભણવા માટેની ધગશ અને તેના દસમા ધોરણના સારા માર્ક્સ તેમજ ઘરની પરિસ્થિતિને અનુલક્ષીને ડિપ્લોમાના ત્રણ વર્ષ અને બી. ટેક. ડિગ્રીના ત્રણ વર્ષ એમ કુલ મળીને પુરા છ વર્ષના ઈન્ટિગ્રેટેડ કોર્સ માટે હોસ્ટેલ ફી પણ માફ કરવાની સહાય પુરી પાડી છે. આ દીકરી માટેની સ્નેહભીની લાગણીથી પ્રેરાઈ દાદાએ જાહેરાત કરી છે.

પ્રાત્વીનું વતન સૌરાષ્ટ્રનું આંબલા છે અને તેની માતા વંદનાબહેનના વાત્સલ્યભર્યા ઉછેરમાં એ કેળવણીના સંસ્કાર પામી છે તો પિતાએ પણ ગ્રામ દક્ષિણામૂર્તિ, આંબલા નામની શિક્ષણ સંસ્થામાં એકાઉન્ટ્સ - ક્લાર્કની નોકરી કરતા કરતા દીકરીના શ્રેષ્ઠ અભ્યાસનો વિચાર કરી છઠ્ઠા ધોરણથી જ પ્રાત્વીને ગણપત યુનિવર્સિટીની

× શ્રીમતી મંજુલાબેન ગણપતભાઈ પટેલ કન્યા સૈનિક શાળા ×માં દાખલ કરી દીધી હતી.

પૂજ્ય દાદાને અને યુનિવર્સિટીને આશા જ નહીં પુરી શ્રદ્ધા છે કે દીકરી પ્રાત્વી એને મળેલી ઉચ્ચ અભ્યાસ માટેની આ ફી-માફીના સહયોગનો પૂરો લાભ લઈ પોતાના ચારિત્ર્યનું અને કારકિર્દીનું શ્રેષ્ઠ નિર્માણ કરશે અને દાદાની વ્હાલના દરિયા સમી લાગણીને સાર્થક બનાવશે.

... અને જાણો છો પ્રાત્વીની પોતાના ભાવિ વિશેની મહત્વકાંક્ષા શું છે ?

એને ભણાય ત્યાં સુધી ખુબ ભણવું છે અને પછી મારુતિ કે ટાટા જેવી ઓટોમોબાઈલ કંપનીમાં થોડાં વર્ષો કામનો અનુભવ લઈ પ્રાત્વીને પોતાનું સ્ટાર્ટ-અપ શરુ કરવાનું સાહસ કરી એમાં સફળતા મેળવવાની આકાંક્ષા છે.

સમગ્ર યુનિવર્સિટી પરિવારના લાડકા દાદા પૂજ્ય શ્રી ગણપતભાઈ, પૂજ્ય દાદી શ્રી મંજુલાબેન, પ્રો ચાન્સેલર પ્રો. ડૉ. શ્રી મહેન્દ્ર શર્મા તેમજ ડિપ્લોમા કોલેજના આચાર્ય પ્રો. ડૉ. કે. પી. પટેલ સહિત સમગ્ર ગુની પરિવારની શુભ કામનાઓ પણ પ્રાત્વીનું મોટું બળ બની રહેશે એ નિશ્ચિત છે.

## ધાનેરાની નેશનલ સ્કૂલ ખાતે ૭૭ પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી

સમગ્ર દેશમાં જ્યારે ૭૭માં પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રપ્રેમ અને ઉમંગ સાથે ઉજવણી થઈ રહી છે, ત્યારે ધાનેરાની શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર એવી ધ નેશનલ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે પણ આ રાષ્ટ્રીય પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

?આ વખતના ધ્વજવંદન કાર્યક્રમની વિશેષતા એ હતી કે, રાષ્ટ્રધ્વજ ફરકાવવાનું બહુમાન કોઈ રાજકીય નેતાને બદલે શાળાની જ પ્રતિભાશાળી પૂર્વ વિદ્યાર્થીનીને આપવામાં આવ્યું હતું. તાજેતરમાં જ મેડિકલ ક્ષેત્રેપ્રવેશ મેળવનાર અને શાળાનું ગૌરવ વધારનાર કુમારી પ્રજાપતિ પાયલબેન રાજાજી પાવડાસણના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ નવતર પહેલ દ્વારા શાળાએ ×બેટી બચાવો, બેટી પઢાવો× અને વિદ્યાર્થી સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

?કાર્યક્રમની વિધિવત શરૂઆત આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાના પટાંગણમાં દેશભક્તિનો અનેરો માહોલ સર્જાયો હતો. શાળાના નાના ભૂલકાઓ અને વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવ્યા હતા. દેશભક્તિના ગીતો પર વિદ્યાર્થીઓએ રજૂ કરેલા જોશભર્યા નૃત્યોએ ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા અને સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગે રંગી દીધું હતું.

?આ ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓના પ્રોત્સાહન માટે ઈનામ વિતરણનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. તાજેતરમાં શાળા પરિવાર દ્વારા 'સ્પોર્ટ્સ ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ રમતોમાં ૧ થી ૩ નંબર મેળવનાર વિજેતા ખેલાડીઓને આમંત્રિત મહેમાનોના હસ્તે મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

?આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં શાળાના મેનેજિંગ ડિરેક્ટર (સ્વ) શ્રી નરપતસિંહ વાઘેલા, શ્રી જગદીશભાઈ પટેલ , શાળાનો સમગ્ર સ્ટાફ, વાલીગણ તેમજ આમંત્રિત મહેમાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણે જહેમત ઉઠાવી હતી. અંતમાં રાષ્ટ્રગીતના ગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

# ગાંધીનગર જિલ્લામાં ૭૭માં પ્રજાસત્તાક પર્વની આન-બાન,શાન સાથે ઉજવણી કરાઈ

ગાંધીનગર તા.૨૬ જાન્યુઆરી -

રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ૭૭માં પ્રજાસત્તાક પર્વની ગાંધીનગર જિલ્લા કક્ષાની ઉજવણી માણસા તાલુકા મથકે ઉર્જા અને પેટ્રોકેમિકલ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ પરેડનું નિરીક્ષણ અને ત્રિરંગાને સલામી આપી પ્રજાસત્તાક પર્વની સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

દેશભક્તિપર્વના ઉમંગભર્યા માહોલમાં થયેલી ઉજવણી દરમિયાન મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે સ્થાનિક નગરજનો, વિદ્યાર્થીઓનું અભિવાદન ઝીલ્યું હતું. આ તકે મંત્રીશ્રીના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

૭૭માં ગણતંત્ર દિવસ નિમિત્તે ઉર્જા અને પેટ્રોલિયમ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે સ્વતંત્રતા, સમાનતા, બંધુતાના મૂલ્યોના જતન કરતાં બંધારણ અને તેના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરને વંદન કરતા કહ્યું હતું કે, વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ×સૌના સાથ, સૌના વિકાસ,સૌના પ્રયાસ અને સૌના વિશ્વાસ×ના મંત્ર સાથે રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક મૂલ્યોના જતન અને વૃદ્ધિ સાથેની કાર્ય સંસ્કૃતિ વિકસાવી છે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતના વિકાસમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સાથે આધુનિક ટેકનોલોજીના સમન્વયથી વિકાસના નવા આયામો સર કરવામાં આવ્યા છે. ગુજરાતમાં ક્લીન ગ્રીન એનર્જીને પ્રોત્સાહન સાથે ૨૪,૯૯૪ મેગા વોટ એનર્જી ઉત્પાદન માટેનો ગુજરાત સરકારે સંકલ્પ કર્યો છે. જે માટે ખાવડા, ભાવનગર જેવા અનેક વિસ્તારોમાં સોલાર અને હાઈબ્રીડ એનર્જી પાર્ક બનાવવામાં આવ્યા છે. ગુજરાતમાં ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ૭૭,૪૫૦ ડોમેસ્ટિક અને ૯૮,૦૦૦ થી વધુ ઈન્ડસ્ટ્રીયલ કનેક્શન પૂરાં પાડવામાં આવશે.

સોલાર એનર્જીને પ્રોત્સાહન આપવા સરકાર દ્વારા સરકારી ખરાબા પર વીજ મથકોની સ્થાપના કરવામાં પણ આવશે તેમ જણાવતા મંત્રીશ્રીએ આ વર્ષમાં ગુજરાતભરમાં નવા ૧૨૧ સબ સ્ટેશન બનાવવા તથા દરિયાઈ વિસ્તારમાં વાવાઝોડા અને અતિવૃષ્ટિ સમયે ખોરવાતા વીજ પુરવઠાને નિવારવા માટે અંડરગ્રાઉન્ડ કેબલની કામગીરી અંગે ઘોષણા કરી હતી.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ૨૦૨૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવામાં આવશે. જે માટે યાત્રાધામ અંબાજીને ૧૬૩૦ કરોડના ખર્ચે તબક્કાવાર વિકસાવવામાં આવશે. આ સાથે જ બહુચરાજીને રૂ.૮૦ કરોડ, રૂ.૧૨૫ કરોડના ખર્ચે ડાકોર તેમજ રૂ. ૧૩૦ કરોડના ખર્ચે ગિરનારના પગથિયાંના નવીનીકરણની કામગીરી પ્રવાસન વર્ષ દરમિયાન કરવામાં આવશે. તેમણે ગુજરાતમાં ઈઝ ઓફ ડુઈંગમાં રહેલા જનવિશ્વાસને દર્શાવી રાજ્યની આંતરમાળખાકીય સુવિધાઓની પ્રગતિ વિશે જણાવ્યું હતું.

વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી સૌરાષ્ટ્રના સોમનાથ ખાતે તા. ૮ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સોમનાથ પર થયેલા પ્રથમ આક્રમણને ૧૦૦૦ વર્ષની પૂર્ણાહૂતિ અને બે - સરદાર વલ્લભભાઈ પટેલના મંદિરના જીર્ણોદ્ધારના સંકલ્પના ૭૫ વર્ષના સુભગ સમન્વયરૂપે સોમનાથ સ્વાભિમાન પર્વ મનાવવામાં આવ્યું. આ પર્વની ઉજવણીનો હેતુ ભાવિ પેઢીને સોમનાથના ઈતિહાસથી પરિચિત કરાવવાનો હતો. એટલું જ નહીં, આ પર્વ થકી રાષ્ટ્રીય ચેતનાનું જાગરણ એ પણ મુખ્ય ઉદ્દેશ હતો તેમ તેમણે ઉમેર્યું હતું.

? આ અવસરે ગુજરાતની અને ગાંધીનગર જિલ્લાની પ્રગતિ કાર્યો માટે સદાય તત્પર રહેનાર નિષ્ઠાવાન સરકારી કર્મચારીઓ, રમતવીરો અને અંગદાન મહાદાનના સુત્રને સાર્થક કરી નવજીવન આપનાર દાનવીરોના પરિવાર તથા વિવિધ ક્ષેત્રમાં સરાહનીય સેવાઓ આપનાર ૪૩ કર્મયોગીઓને વિશિષ્ટ સેવાઓ બદલ પ્રશસ્તિપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા.

આ વેળાએ પોલીસ બેન્ડની મધુર સુરાવલિઓની ધૂન વચ્ચે હોમગાર્ડ્ઝ, એન.સી.સી, ડોગ સ્કોડ, પોલીસ જવાનો વગેરે પ્લાટુનની શિસ્તબદ્ધ પરેડ સહિત અન્ય સુરક્ષા જવાનોની પરેડને સૌએ નિહાળી હતી. જેનું સંપૂર્ણ સંચાલન આઈ.પી.એસશ્રી માનસી મીણા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ તકે માણસા તાલુકાની વિવિધ શાળાઓના બાળકોની રાષ્ટ્રભક્તિ,સ્રી સશક્તિકરણ, વિસરાતી રમતો અને આપણી અદ્વિતીય સંસ્કૃતિને ઉજાગર કરતી નૃત્ય પ્રસ્તુતિઓઓએ સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી. ઉપરાંત વિવિધ વિભાગોના ટેબ્લોએ રસ સભર માહિતી આપતાં આકર્ષણ જમાવ્યું હતું.જેમાંથી પ્રથમ નંબરેૅફઝ્રન નો ટેબ્લો તથા દ્વિતીય કેટેગરીમાં હર ઘર જલ અને તૃતીય સ્થાને ઢઈઢછ વિભાગના માહિતી સભર ટેબ્લોને પુરસ્કૃત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિ. પંચાયત પ્રમુખશ્રી શિલ્પાબેન પટેલ, ધારાસભ્યશ્રી કલોલ લક્ષ્મણજી ઠાકોર, જિલ્લા કલેકટરશ્રી મેહુલ કે.દવે,જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.જે પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રવિતેજા વાસમશેટ્ટી, નિવાસી અધિક કલેકટરશ્રી નિશા શર્મા,મુખ્ય જમીન સંપાદન અધિકારીશ્રી અર્જુનસિંહ વણઝારા સહિત જિ. પં. અને તા.પંચાયતના પદાધિકારીઓ, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ, નગરજનો, શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**ઉર્જા અને પેટ્રોલિયમ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ધ્વજવંદન કરી પરેડની સલામી ઝીલી**

★★

**-:ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલઃ-**

**- ગુજરાતના વિકાસમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સાથે આધુનિક ટેકનોલોજીના સમન્વયથી વિકાસના નવા આયામો સર કરવામાં આવ્યા**

**-ગુજરાતભરમાં નવા ૧૨૧ સબ સ્ટેશન બનશે, દરિયાઈ વિસ્તારમાં વાવાઝોડા અને અતિવૃષ્ટિ સમયે ખોરવાતા વીજ પુરવઠાને નિવારવા માટે અંડરગ્રાઉન્ડ કેબલની કામગીરી કરવામાં આવશે**

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat